PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૨૧૩૪૭
ઉંઝા : ૨૫૩૪૧૯
હારીજ : ૨૨૨૪૦૪
Mail : dptco123@gmail.com

ESTD DPT 1956

**ડી. પી. ઠક્કર એન્ડ કં.**
**ટેક્ષ કન્સલટન્ટસ**
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

તા. ૯/૧૧/૨૦૧૪

ભાઇશ્રી,

તા.૧-૧૦-૨૦૧૪ થી વેટ કાયદામાં કરવામાં આવેલ ફેરફારોની મુખ્ય મુખ્ય વિગતો નીચે મુજબ છે.

(૧) <u>પત્રકો (રીટર્ન) ભરવા અંગે :-</u>

(૧) અત્યાર સુધી રૂા. ૫૦ લાખ થી વધુ ટર્નઓવર હોય તોજ પત્રકનું e-Filing કરવાનું હતું પરંતુ હવે ગમે તેટલું ટર્નઓવર હોય કે શુન્ય ખરીદ વેચાણ હોય તો પણ દરેક વેપારી એ પત્રકનુ e-Filing કરવું ફરજીયાત છે.

(૨) જેમણે લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન લીધેલ હોય (એટલે કે કલમ 14A,14B,14C અને 14D હેઠળ) તેમણે પત્રકનું ત્રી-માસિક e-Filing કરવાનું છે.

(૩) જે વેપારીઓ ફક્ત ગુજરાતમાંજ ખરીદ વેચાણ કરતા હોય અને મેન્યુફેક્ચરર ન હોય તેમણે પત્રકનું ત્રી-માસીક e-Filing કરવાનું છે.

(૪) જે વેપારીઓ ઉત્પાદક હોય કે આંતરરાજ્ય ખરીદ વેચાણ કરતાં હોય કે જંગડ ખરીદ વેચાણ કરતાં હોય પરતું વાર્ષિક ટેક્ષ ૬૦,૦૦૦ થી ઓછો ભરતાં હોય તેવા વેપારીઓએ ત્રીમાસીક પત્રકો e-Filing થી ભરવાના છે.

(૫) જે વેપારીઓ એક્ષપોર્ટ વેચાણ,H ફોર્મથી વેચાણ કે ઇમ્પોર્ટ ખરીદી કરતા હોય તેમણે ફરજીયાત માસીક પત્રકો e-Filing થી ભરવાનાં છે.

(૬) જે વેપારીઓ કપાસીયા ખોળનો વેપાર કરતાં હોય તેમણે પણ પત્રકોનું દર મહીને e-Filing કરવાનું છે.

(૭) આ સીવાયનાં બધા વેપારીઓએ માસીક પત્રકો e-Filing થી ભરવાનાં છે.

(૮) પેટ્રોલપંપ ચલાવતા વેપારીઓએ પહેલાની જેમજ બધા રીર્ટન માસીક ભરવાના છે.

(૯) જે વેપારીઓએ ૧-૧૦-૨૦૧૪ થી નવો TIN નંબર મેળવેલ હોય તેમણે પ્રથમ બાર મહિના સુધી ફરજિયાત માસીક પત્રકો ભરવાનાં છે.

(૧૦) મેન્યુફેકચર-ઉત્પાદકે માસીક પત્રકો ભરવાનાં છે.

(૧૧) પત્રક ભરવાની સમય મર્યાદા હવે ફકત <u>૩૦ દિવસની કરેલ છે.</u> એટલે જે-તે મહીનો કે ત્રી-માસીક હપ્તો પતે તેના ૩૦ દિવસમાં પત્રક-રીટર્ન ભરી દેવાનું છે. નહીંતર પત્રક મોડું ભરવા બદલ રૂા. ૧૦,૦૦૦/- સુધીનો દંડ થઇ શકે છે.

(૧૨) એટલે જે-તે મહીનો કે ત્રી-માસ પતે તે પછી ૮થી૧૦ દિવસમાં અમને ખરીદ વેચાણનાં આંકડા તથા ફોર્મ 201A, 201B, અને 201C,-CD માં કે Mail દ્વારા મોકલવાં છેલ્લા અઠવાડીયામાં પત્રકો ભરવાનો ટ્રાફીક વધારે હોવાથી વેટ ડીપાર્ટમેન્ટની વેબસાઇટ ધીમી ચાલતી હોય છે. અને પરીણામે એક કલાકમાં એકજ પત્રકનું e-Filing થઇ શકે છે. અને આ સંજોગોમાં જે વેપારી ભાઇઓના પત્રક ભરવાનાં ડેટા છેલ્લા અઠવાડિયામાં અમને મળેલ હશે. તેમનાંપત્રકોનું e-Filing ટાઇમસર થઇ નહિ શકે તેવી શકયતા છે. એટલે દરેક વેપારી ભાઇએ પત્રક ભરવાનો ડેટા અમને વહેલાસર મોકલી આપવો. જેથી પેનલ્ટી ભરવી ન પડે.

P.T.O

(૧૩) જે વેપારીઓને માસીક પત્રકો ભરવાનાં છે. તેમણે સ્ટોક સ્ટેટમેન્ટ ફોર્મ 201C માં દર ત્રણ મહીને ભરવાનું છે. અને જે વેપારીઓ ને ત્રી-માસીક પત્રક ભરવાના છે. તેમણે સ્ટોક સ્ટેટમેન્ટ દર છ મહીને ભરવાનું છે.

(૨) <u>વેટ ઓડિટ રીપોર્ટ રજુ કરવામાં ફેરફાર :-</u>

અત્યાર સુધી વેટ ઓડિટ રીપોર્ટ વેટ કચેરીમાં પેપર ફોર્મેટમાં રજુ કરવામાં આવતો હતો. પરંતુ હવે સને ૨૦૧૩-૧૪ નાં વેટ ઓડિટ રીપોર્ટ વેટ ડીપાર્ટમેન્ટની વેબસાઈટ ઉપર ONLINE અપલોડ કરવાનાં છે. એટલે કે તેનું પણ e-Filing કરવાનું છે.

(૩) જે વેપારીઓ ટેક્ષેબલ માલનું આંતરરાજ્ય વેચાણ કરે છે અને આવા માલની ટેક્ષથી જે ખરીદી કરેલ હોય તેવી ખરીદીની ઇનપુટ ટેક્ષ ક્રેડીટ બાદ માંગતા હોય તેમના કેસમાં જે ખરીદી ની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ માંગતા હોય તે ૧ ટકા ક્રેડિટ કપાઇ જશે. અત્યાર સુધી ૨ ટકા પ્રમાણે આવી ક્રેડિટ કપાતી હતી જે હવે તા.૧-૧૦-૨૦૧૪ થી ૧ ટકા પ્રમાણે કપાશે.પરંતુ મેથી, સુવા, અજમો, અસાળીયો, કાલિંગડાનાં બી, ખસખસ, ધાણા, ધાણાદાળ,મરી, સોના-ચાંદી તથા તેના દાગીનાં રૂ, કપાસ, કોટન વેસ્ટ, તેલીબીયાં, બીડીના પાન અને પેટ્રોલીયમ પ્રોડકટસ. ના આંતરરાજ્ય વેચાણમાં કોઇ ટેક્ષ ક્રેડીટ કપાશે. નહી.

કુશળ હશો.

લી.
કનુભાઇ ડી. પોપટ
નિખિલભાઇ ડી. પોપટ